# PANOLI INDUSTRIES ESTATE




પાનોલી ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટની સ્થાપના ૮૦ના દાયકામાં જીઆઇડીસી દ્વારા કરવામાં આવી હતી. પાનોલી એસ્ટેટ ૧૦૫૬ હેકટર વિસ્તારમાં વિસ્તરેલું છે. પાનોલી એસ્ટેટમાં ખાસ કરીને કેમીકલ, ફાર્માસ્યુટીકલ, ફાર્માસ્યુટીકલ ઇન્ટરીમડીયેટ, પેસ્ટીસાઇડસ, પેસ્ટીસાઇડસ ઇન્ટરમિડીયેટ, ડાઇઝ અને ડાઇઝ ઇન્ટરમિડીયેટ, ટેક્ષટાઇલ તેમજ એન્જીનિયરીંગ જેવી ઇન્ડસ્ટ્રીઝનો વિકાસ થયો છે. તેમાં સ્મોલ સ્કેલ, મિડીયમસ્કેલ અને લાર્જ સ્કેલ ઇન્ડસ્ટ્રીઝનું મિશ્રણ છે.

## Panoli Notified Area Authority

પાનોલી એસ્ટેટને જીઆઇડીસી દ્વારા નોટીફાઇડ એરિયા જાહેર કરવામાં આવ્યો છે. તેનો વહીવટ બોર્ડ ઓફ મેનેજમેન્ટ દ્વારા થાય છે. જેમાં ઉદ્યોગોનું અને જીઆઇડીસીના અધિકારીઓનું પ્રતિનિધિત્વ હોય છે.

જેમાં સ્વચ્છતા, ડ્રેનેજ, રોડ, રસ્તા, પાણી વગેરે પાયાની સગવડ ઉપલબ્ધ કરાવાય છે.



## Road:

પાનોલી એસ્ટેટ નેશનલ હાઇવે નંબર આઠને સમાંતર આવેલું છે. તેના ચાર મુખ્ય ગેટ નેશનલ હાઇવે નંબર ૮ ઉપર આવેલા છે. એસ્ટેટમાં અલગ અલગ લંબાઇના અલગ અલગ રોડ હોય છે. દરેક કંપની રોડની સાથે જોડાએલ છે. એસ્ટેટમાં સિંગલ લાઇનના ૧૪.૬૦ કિલોમીટરના રોડ આવેલા છે. જ્યારે ડબલ લાઇનના ૨૭.૧૦ કિલોમીટરના રોડ આવેલા છે.





## Water Infrastructure:









પાનોલી એસ્ટેટમાં ઉકાઇ જમણા કાંઠાની નહેરમાંથી પાણી આવે છે. ત્યાંથી તળાવમાં સંગ્રહ થાય છે. તળાવ એસ્ટેટની પશ્ચિમ દિશામાં આવેલું છે.  તળાવની ક્ષમતા ૧૨૦ મિલીયન ગેલન છે.  તળાવની આશરે ૪૫ દિવસની સ્ટોરેજ ક્ષમતા છે. ત્યાંથી ફિલ્ટરેશન પ્લાન્ટમાં ફિલ્ટર કરીને ઓવરહેડ ટેન્ક વડે ઇન્ડસ્ટ્રીઝમાં પાણી આપવામાં આવે છે. સાથે સાથે આસપાસના ત્રણ ગામ (સંજાલી, ખરોડ અને પાનોલી)ને પણ પાણી આપવામાં આવે છે.

## Drainage Pumping Station:

પાનોલી એસ્ટેટમાં ૪૦ એમએલડીની ક્ષમતાનું ડ્રેનેજ પંમ્પીંગ સ્ટેશન આવેલું છે. જેમાં ડ્રેનેજના પાણીને વ્યવથિત રીતે ટ્રીટ કરવામાં આવે છે.



## Storm Water:

પાનોલી એસ્ટેટમાં વરસાદના પાણીના નિકાલ માટેની સારી સુવિધા છે. સિમેન્ટ કોન્ક્રીટની પાકી વરસાદના પાણીના નિકાલની સિસ્ટમ સમગ્ર એસ્ટેટમાં છે.. જેથી ચોમાસાની ઋતુમાં વરસાદના પાણીનો સારી રીતે નિકાલ થાય છે.



## Gas Infrastructure:

ગુજરાત ગેસ દ્વારા પાઇપલાઇનથી ગેસના વિતરણની સિસ્ટમ ઉભી કરવામાં આવી છે. જેને લઇને ઇન્ડસ્ટ્રીઝ પર્યાવરણની જાળવણી કરીને તેનું ઉત્પાદન કરી શકે છે.



# Transportation:

## Road:



પાનોલી એસ્ટેટને અડીને આવેલ નેશનલ હાઇવે



અંકલેશ્વર બસ સ્ટેશન

પાનોલી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ નેશનલ હાઈવે નંબર આઠ ઉપર આવેલું છે. અંકલેશ્વરથી સાત કિલોમીટરના અંતરે આવેલ એસ્ટેટ નેશનલ હાઈવેની પશ્ચિમ દિશામાં હાઈવેને સમાંતર પાંચ કિલોમીટર લંબાઈમાં વિકસેલ છે. પાનોલી એસ્ટેટ અંકલેશ્વરથી ઉત્તરે સાત કિલોમીટરના અંતરે તેમજ સુરતથી દક્ષિણે ૪૦ કિલોમીટરના અંતરે આવેલ છે.

અંકલેશ્વર જીઆઈડીસીનું બસસ્ટેડ સાત કિલોમીટરના અંતરે હાઈવે ઉપર આવેલ છે. જ્યાં રાજ્યના બધા જ વિસ્તારોની બસ સુવિધા છે. રાજસ્થાન અને મહારાષ્ટ્ર જતી આવતી બસોની સારી સુવિધા છે. તેમજ અંકલેશ્વરથી પાનોલી આવવા માટે લોકલ સાધનોની સુવિધા ઉપલબ્ધ છે.

## Railway



પાનોલી રેલ્વેસ્ટેશન



પાનોલી ખાતે રેલ્વેસ્ટેશન આવેલું છે. જ્યાં લોકલ ટ્રેનો ઉપરાંત બે એકસપ્રેસ ટ્રેનો ઉભી રહે છે. આ ઉપરાંત મોટાભાગનો રેલ્વે વ્યવહાર અંકલેશ્વર રેલ્વેસ્ટેશનથી થાય છે. બહારથી અપડાઉન કરતા કર્મચારીઓ પણ મોટાભાગે રેલ્વેમાં આવે છે. મોટાભાગે કંપનીઓની શીફ્ટ બસો અને વાહનો રેલ્વેસ્ટેશનથી કર્મચારીઓને કંપની સુધી લઈ જવાની સુવિધા છે.

આ ઉપરાંત લોકલ વાહનોની ખૂબ સારી સગવડ પાનોલી એસ્ટેટ માટે છે. જેથી શીફ્ટમાં નોકરી માટેની પણ પૂરતી સગવડો ઉપલબ્ધ છે.

## Airport Facality:



**Vadodara Domestic Airport**



**Surat Domestic Airport**



**Ahmedabad International Airport**

અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પાનોલીથી ૨૧૦ કિલોમીટરના અંતરે આવેલ છે. જ્યારે વડોદરા એરપોર્ટ ૧૧૩ કિલોમીટરના અંતરે આવેલું છે. જ્યારે સુરત એરપોર્ટ ૭૨ કિલોમીટરના અંતરે છે.


## Air Strip


અમરતપુરા એરસ્ટ્રીપ

પાનોલીથી ભરૂચ જતા નેશનલ હાઇવે નંબર આઠ ઉપર આવેલ અમરતપુરા ગામની નજીક એક એરસ્ટ્રીપ બનાવવાનું આયોજન છે. આ માટે જમીન સંપાદન થઇ ગઇ છે અને કમ્પાઉન્ડ વોલ બનાવી દેવામાં આવી છે. આગામી સમયમાં અહીં એરસ્ટ્રીપ બનતા ઉદ્યોગકારો માટે સુવિધા ઉપલબ્ધ થશે.

## Bank Facality





પાનોલી એસ્ટેટમાં ભારતીય સ્ટેટ બેંક, ઇન્ડીયન બેંક અને બીજી પણ બેંકો આવેલી છે.

આ સાથે કેટલીક બેંકોના એટીએમની સુવિધા પણ ઉપલબ્ધ છે.

## Electric Infrastructure:






પાનોલી જીઆઇડીસીમાં ૬૬ કેવીએના બે સબસ્ટેશન આવેલા છે. જેના દ્વારા ઇન્ડસ્ટ્રીઝને જેટકો દ્વારા વીજ વિતરણ કરવામાં આવે છે. જેને DGVCL દ્વારા વીજ પુરવઠો પુરો પાડવામાં આવે છે.

## Post Office Facality

પાનોલી એસ્ટેટમાં પોસ્ટ ઓફિસની સારી સુવિધા છે. પોસ્ટ ઓફિસ એસ્ટેટની મધ્યમાં આવેલ હોવાથી પોસ્ટનું વિતરણ સરળતાથી થાય છે. તેમજ કેટલીક પ્રાઇવેટ કુરિયર ઓફિસો પણ આવેલી છે.



## Community Hall

પાનોલી એસ્ટેટમાં પાનોલી ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશનની ઓફિસની બાજુમાં ૩૦૦ બેઠકનો કોમ્યુનીટી હોલ તૈયાર થઇ રહયો છે. જે સાંસ્કૃતિક કાર્યક્રમો અને ઇન્ડસ્ટ્રીઝના અનેક કાર્યક્રમો માટે ઉપયોગી સાબિત થશે.



## Communication System:

પાનોલી એસ્ટેટમાં કોમ્યુનિકેશન સિસ્ટમ ખુબ સારા પ્રમાણમાં ગોઠવાએલી છે. ભારત દુર સંચાર નિગમની ઓફિસ વર્ષોથી કાર્યરત છે. આ ઉપરાંત બદલાયેલ સ્થિતિની સાથે બધી કંપનીઓના ટાવર ઉપલબ્ધ છે. જેથી દુર સંચાર નેટવર્ક સિસ્ટમ સારી રીતે ગોઠવાએલી છે. પ્રાઇવેટ કંપનીઓની સુવિધા પણ સારી રીતે ગોઠવાએલ છે.




Published By Jigar Publicity

# Green Belt





પાનોલી એસ્ટેટમાં ઘણા સ્થળોએ ગ્રીનબેલ્ટનો વિકાસ કરવામાં આવ્યો છે. જેને લઇને એસ્ટેટમાં ગ્રીનેરીનું સારું એવું પ્રમાણ છે. કેટલીક મોટી કંપનીઓએ કેટલાક ગ્રીનબેલ્ટને દત્તક લીધા છે અને તેઓ તેની જવાબદારી લઇને ગ્રીનબેલ્ટનો વિકાસ કરી રહ્યા છે.



પાનોલી એસ્ટેટમાં કેટલીક કંપનીઓએ એસ્ટેટમાં ગ્રીનબેલ્ટ તૈયાર કરવાની જવાબદારી સ્વીકારી છે. જેમાં કેમીનોવાએ હાઇવે ઉપર બ્રીજની નીચેના પ્રવેશદ્વારની જમણીબાજુ આવેલી જગ્યામાં ગ્રીનબેલ્ટ વિકસાવી રહી છે. તેનાથી થોડે આગળ સન ફાર્મા કંપની તેમનો ગ્રીનબેલ્ટ વિકસાવી રહી છે.




## પાનોલી એસ્ટેટમાં સુંદર બગીચો છે






પાનોલી એસટેટમાં સંજાલી ગામ નજીક નોટીફાઇડ દ્વારા એક સુંદર બગીચો બનાવવામાં આવયો છે. જેનો ઉપયોગ આસપાસના ગામના લોકો અને ઇન્ડસ્ટ્રીઝના લોકો કરે છે.

# Narmada Clean Tech








નર્મદા કલીન ટેક જીઆઇડીસી અને અંકલેશ્વર, પાનોલી અને ઝઘડીયાના ઉદ્યોગોનું સંયુકત સાહસ છે. જેનો અંકલેશ્વરના સુરતી ભાગોળે ફાઇનલ એફલુઅન્ટ ટ્રીટમેન્ટનો પ્લાન્ટ આવેલો છે.

આ પ્લાન્ટમાં અંકલેશ્વર અને પાનોલી એસ્ટેટમાંથી આવતા ટ્રીટેડ એફલુઅન્ટને ફાઇનલ ટ્રીટમેન્ટ આપવામાં આવે છે. ત્યારબાદ પાઇપલાઇન મારફતે કંટીયાજાળ ખાતે આવેલ બુસ્ટર પંમ્પીંગ સ્ટેશનમાં લઇ જવામાં આવે છે. ત્યાંથી દરિયામાં દશ કિલોમીટર ઉંડે સુધી પાઇપલાઇન મારફતે લઇ જઇને તેને ડીફયુસર મારફતે દરિયાના પાણીમાં છોડવામાં આવે છે.

ઇન્ડસ્ટ્રીઝનું ટ્રીટેડ એફલુઅન્ટ દરિયામાં દશ કિલોમીટર ઉંડે સુધી નિકાલ કરવામાં આવતો હોય તેવો દેશનો આ પ્રથમ પ્લાન્ટ છે.
નર્મદા કલીન ટેકની એફલુઅન્ટ નિકાલની ક્ષમતા ૬૦ એમએલડીની છે.

# Sports



PIA ક્રિકેટ ટૂર્નામેન્ટ











પાનોલી ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન દ્વારા છેલ્લા ૧૫ (વર્ષ ૨૦૦૩) વર્ષથી ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવે છે. શરુઆતમાં ૧૫ જેટલી ટીમો ભાગ લેતી હતી તે વર્ષ ૨૦૧૯માં ૫૩ ટીમોએ ભાગ લીધો હતો. તે ટૂર્નામેન્ટની વધતી જતી લોકપ્રિયતાની પારાશીશી છે.

ક્રિકેટ ઉપરાંત કેરમ, ચેસ, દોડ, વોલીબોલ, દોરડા ખેંચ જેવી અનેક રમતોનું આયોજન કરવામાં આવે છે. તેમાં ભાગ લેનારની સંખ્યા ઉત્તરોત્તર વધતી જાય છે.

રમતગમતની આ ટૂર્નામેન્ટ કંપનીઓને એકબીજાની નજીક લાવવાનું અને કંપનીઓના કર્મચારીઓ એકબીજાને ઓળખવાનું અને નજીક લાવવામાં અને સુષુપ્ત શક્તિઓને જાગૃત કરવામાં મહત્વનો ભાગ ભજવે છે.

## Fire Station:










પાનોલી એસ્ટેટમાં આવેલું ફાયર સ્ટેશન અનેક સુવિધા અને આધુનિક સાધનોથી સજ્જ છે. તેમાં અલગ અલગ ક્ષમતા અને અલગ અલગ ટેકનોલોજીથી સજ્જ ચાર ફાયર ટેન્ડર છે. જેમાં એક મિની ટેન્ડર, એક વોટર બ્રાઉઝર્સ, એક મલ્ટીપરપઝ ટેન્ડર અને એક ફોર્મ ટેન્ડર છે.

આ ઉપરાંત બે એમ્બ્યુલન્સ છે. ફાયર સ્ટેશન દ્વારા કંપનીમાં લાગતી આગ અને અકસ્મતો વખતે તાત્કાલિક સુવિધા ઉપલબ્ધ કરાવાય છે. આ ઉપરાંત હાઈવે અને રોડ પર થતા અકસ્માતોમાં પણ તાત્કાલિક સુવિધા આપવામાં હંમેશા તત્પર રહે છે. ફાયર સ્ટેશનમાં આધુનિક અને ઉંચી ક્ષમતાના કટર, બોલ્ટ કટર, પ્રેસર એરશીટ જેવા સાધનો ઉપલબ્ધ છે.

ટૂંક સમયમાં જ ભારતનું પ્રથમ મોબાઈલ વેન્ટીલેટરની સુવિધા પણ પાનોલી એસ્ટેટને ઉપલબ્ધ થશે. જેથી અકસ્માતની નાજુક ક્ષણોમાં દર્દીને હોસ્પીટલ સુધી પહોંચાડવામાં ઉપયોગી સાબિત થશે.

આ વિસ્તારમાં અને કંપનીઓમાં નીકળતા સાપને પકડવા માટે સ્નેક કેચીંગ ઈક્યુપમેન્ટ છે અને તે માટે ટ્રેઈન સ્ટાફ છે. સ્ટાફ દ્વારા અનેક સાપ પકડીને સુરક્ષિત જગ્યાએ છોડી મુકવામાં આવે છે. સાથે સાથે સ્નેક એન્ટીડોટસ દવા પણ ઉપલબ્ધ રાખવામાં આવે છે. ફાયર સ્ટેશનમાં એક ડોકટરની ૨૪ કલાક હાજરી હોય છે. જે કંપનીઓમાં બનતા નાના મોટા અકસ્માતો અને કર્મચારીઓને થતી નાની મોટી માંદગી વખતે મદદરૂપ થાય છે.

ફાયર સ્ટેશનની બાજુમાં જ સ્ટાફને રહેવા માટે કોલોની બનાવવામાં આવી છે. જેથી ઇમરજન્સી વખતે સ્ફાફની તાત્કાલિક મદદ મેળવી શકાય.

## Police Station

પાનોલી એસ્ટેટમાં અંકલેશ્વર તાલુકા રૂરલ પોલીસ સ્ટેશનની અંદર કાર્યરત પોલીસ સ્ટેશન આવેલું છે.



## Cleaning Campaign

પાનોલી એસ્ટેટમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત દરરોજ ડોર ટુ ડોર કચરો ઉઠાવવામાં આવે છે. જે સ્વચ્છતા રાખવામાં અગત્યનો ભાગ ભજવે છે.








જીઆઈડીસી દ્વારા વર્ષ-૨૦૧૬માં સ્વચ્છતાને અનુલક્ષીને 'જીઆઈડીસી સ્વચ્છતા અભિયાન-૨૦૧૬'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્વચ્છતાને અનુલક્ષીને પાનોલી ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટનો ગુજરાતની ૧૮૨ જીઆઈડીસીઓમાં ત્રીજા ક્રમે રહી હતી. જે પાનોલી એસ્ટેટ માટે ગૌરવની બાબત છે.

# Education:

## HMP Vocational Training Center



પાનોલી એસ્ટેટમાં એચએમપી વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર કાર્યરત છે. તેમાં ઇન્ડસ્ટ્રીઝની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને ફીટર, ઇલેકટ્રીશીયન, ટર્નર, વેલ્ડર જેવા કોર્ષ ચલાવાય છે.
જેને લઇને ઇન્ડસ્ટ્રીઝમાં ટ્રેઇન મેનપાવરની જે ખોટ વર્તાય છે તેને નિવારવામાં ઘણી ઉપયોગી છે.

## ISFS Skill Development Center



પાનોલી એસટેટમાં ચાલુ શૈક્ષણિક વર્ષથી આઇએસએફએસ દ્વારા આઇએસએફએસ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર શરુ કરવામાં આવ્યું છે.
જીઆઇડીસી દ્વારા તૈયાર કરાયેલ આ બિલ્ડીગમાં પણ ફીટર, ઇલેકટ્રીશીયન, ટર્નર, વેલ્ડર જેવા કોર્ષ ચાલુ કરાયા છે.

## ITI Ankleshwar



વર્ષ ૧૯૬૩માં ભરૂચ ખાતે ૮ ટ્રેડ અને ૨૧૬ સીટ સાથે આઇટીઆઇ શરુ કરવામાં આવી હતી. જે ૧૯૬૬માં અંકલેશ્વર ખાતે લાવવામાં આવી. જેમ જેમ ભરૂચ જિલ્લાનો ઇન્ડસ્ટ્રીયલ તરીકે વિકાસ થયો તેમ તેમ તેમાં જરૂરિયાત મુજબ ટ્રેડ ઉમેરવામાં આવ્યા. અત્યારે તેમાં ૩૬ ટ્રેડ અને ૨૯૫૨ સેકશન સીટ છે. જે ૨૧ એકરમાં પથરાયેલી છે.

## Employs Provident Fund Office



જિલ્લા કેન્દ્ર ભરૂચ ખાતે એમ્પ્લોઇઝ પ્રોવિડંડ ફંડની ઓફિસ આવેલી છે. જેથી પહેલા પીએફના કામ માટે કર્મચારીઓ-કામદારોએ સુરત જવું પડતું હતું. તે સુવિધા હવે ભરૂચ ખાતે ઉપલબ્ધ બની છે.

# Logistics (Export/Import)

## CONCOR (Container Corporation of India Ltd.)

અંકલેશ્વર ખાતે આવેલ કન્ટેન્ર કોર્પોરેશન ઓફ ઇન્ડીયા લીમીટેડ કેન્દ્રના નવરત્ન કંપનીઓમાંની એક છે. જેનું સંચાલન મિનીષ્ટ્રી ઓફ રેલ્વેની દેખરેખ નીચે થાય છે. જેમાં કન્ટેનર ટ્રાન્સપોર્ટેશનની આધુનિક અને સારી સગવડો ઉપલબ્ધ છે. જેનો લાભ પાનોલી, અંકલેશ્વર, ઝઘડીયા, દહેજ, કોસંબા, ભરૂચ અને હજીરાની કંપનીઓ લે છે. કોનકોર દ્વારા ઇન્ટરનેશનલ અને આંતરરાજયની કન્ટેનર ટ્રાન્સપોર્ટની સારી સુવિધા છે. અંકલેશ્વર ખાતે આવેલ કોનકોરમાંથી મહીને ૪૦૦૦ થી ૫૦૦૦ કન્ટેનરનું ટ્રાન્સપોર્ટેશન થાય છે.

અંકલેશ્વર ખાતેની કોનકોરમાં વેરહાઉસ, કન્ટેનર સ્ટોરેજ, કન્ટેનર રિપેરીંગ, કસ્ટમ કલીયરન્સ ફેસેલીટી, સર્વે, રેલ્વે અને રોડની ટ્રાન્સપોર્ટ સુવિધાનો સમાવેશ થાય છે. કંપનીમાં કાર્ગો લોડીંગ અને અનલોડીંગ માટે મશીનરાઇઝ અને મેન્યુઅલી સુવિધા છે. ફુલ ફલેશ પેવર્ડની સાથે ફાયર અને સેફ્ટીની ઉત્તમ સુવિધા છે.

કન્ટેનર ડેપોમાં જ કસ્ટમર કલીયરન્સ માટેની ઉત્તમ સુવિધા છે. કમ્પાઉન્ડમાં જ ઉપાયુકત સીમાશુલ્કની કચેરી, ઇડીઆઇ સર્વિસ સેન્ટરની સુવિધા ઉપલબ્ધ છે. જેને લઇને ઉદ્યોગોને ઘણી આસાની રહે છે.

અહીંથી કન્ટેનર JNPT/GTIL/NSCT/PPSP/ MDCC ખાતે મોકલવાની સારી સુવિધા છે.







# PANOLI ENVIRO TECHNOLOGY LIMITED - A CETP

In the period between 1995-2000, it was a very bad and alarming situation for industries as the enviromental scenario was worsening day by day. Under such cirumstances, Panoli Industries Association (PIA) taking proactive stand decided to establish a " Common Effluent Treatment Plant " to cater to the needs of Small Scale Industries, especially in the estate. Member industries responded nicely and to take care of paucity of funds Gujarat Industrial Development Corporation (GIDC) came forward and extended helping hand in the true sense lending Rs.125 lacs as a bridge loan for the completion of CETP project.

Since then, it has been catering splendidly to the needs of Small Scale Industries (SSI) of the estate to treat their effluent and disposed off in most secured and safe manner meeting NCT inlet norms all the time.

In the meanwhile an acute need was felt by the industries of the estate to create the facility which can take care of highly concentrated effluent and provide kind of a breather to the industries and save them from difficult situation.

Keeping in mind the above, the Board of Directors of PETL explored various options like Incinerator, MEE, Aerobic Treatment etc... But after due deliberations in the matter "Spray Dryer" for the industrial effluent was chosen as the latest concept in the industries, successfully employed at Ahmedabad region. In view of the same, it was decided to setup Spray Dryer for the highly concentrate effluent. This spray dryer with 200kl/day capacity was successfully commissioned in April-2018 and after intial hiccups and operational issues project has stabilizes nicely and has been serving excellently to various industries in and around panoli estate.

At the treatment level also, Board of Directors has decided to expand the capacity (1.0 MLD to 2.5 MLD) so that upcoming new industries and additional needs of present industries for effluent treatment can be duly accommodated. For the expansion project, civil work has already been allotted and started. It is expected that by end of this year, we should be able to commission the project.





# ANNUAL GENERAL MEETING - 2019









# ANNUAL GENERAL MEETING - 2019

